

# ROSHNI

Reaching Out to Serve
Humanity with New Initiatives

April 2022 | Issue No. 29 | Monthly Newsletter

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

PRABHAT EDUCATION FOUNDATION



મેં 1 નંબર લખ્યો!

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.instagram.com/prabhat_education_foundation/ https://www.facebook.com/Prabhateducationfoundation/

# પ્રેરણાદાયી વાર્તા

પ્રેમ અને સ્નેહ અવરોધોને પાર કરે છે...
- રેશ્મા (સલમાની મમ્મી)

મેં મારા પ્રથમ બાળક તરીકે સલમાને જન્મ આપ્યો તે સમયે મને ખૂબ જ આનંદ થયો. અમારા પરિવાર અને મિત્રોના આશીર્વાદથી અમે એક નવું જીવન શરુ કર્યું.
અમને ક્યાં ખબર હતી કે અમારો આનંદ ટૂંક સમયનો હતો, ડોકટરોએ અમને જાણ કરી કે બાળક પોતાનું નામ બોલવા અને બીજા સામાન્ય બાળકોની જેમ બડ-બડ ન કરવા જેવી સામાન્ય પ્રતિક્રિયા કરવામાં સક્ષમ નથી. તે પછી નિષ્ણાંતોની મુલાકાત અને ચકાસણી પરથી જાણવા મળ્યું કે સલમાને હીયરીંગ ઈમ્પેરમેન્ટ અને સ્પીચ ઈમ્પેરમેન્ટની સાથે માઈલ્ડ મેન્ટલ રીટાર્ડેસન દિવ્યાંગતા હતી.
અમારા માટે ખાસ કરીને મારા માટે આ સમાચાર અપનાવવા ખૂબ મુશ્કેલ હતા. સલમાને જન્મ આપવા માટે બધાએ મને દોષિત માની, શાપ આપ્યો અને મને અલગ કરી નાખી. આવી પરિસ્થિતિ પછી હું ગભરાઈ ગઈ...મને બિલકુલ ખ્યાલ જ નહતો કે વિકલાંગતા શું છે અને હું મારા આ બાળકની સારસંભાળ કંઈ રીતે રાખીશ!
જયારે હું સલમાને હસતી જોઈશ ત્યારે મારુ દુઃખ અને પડકારો ઓછા થશે. સલમાનાં હસતા ચહેરાએ મને મારા માર્ગમાં આવતા કોઈપણ પડકારનો સામનો કરવાની શકિત આપી અને મારા બાળકને શ્રેષ્ઠ આપવા માટે મને કાર્યશીલ બનાવી.
જો કે મારો પરિવાર તેને સ્કૂલે મોકલવાની વિરુદ્ધ હતો, પરંતુ હું મક્કમ હતી કે સલમાને પણ અન્ય બાળકોની જેમ શ્રેષ્ઠ તક આપવી જોઈએ. મેં વિવિધ સ્થળોએ સલમાને મોકલી ઘણા પ્રયત્નો પછી આખરે મેં પ્રભાત સંસ્થા અંગે સાંભળ્યું. જ્યારે મેં સંસ્થામાં બાળકોને ખૂબ પ્રેમ અને કાળજી સાથે સારવાર અને શિક્ષણ આપતા જોયા ત્યારે મને ખૂબ જ રાહત અનુભવાઈ. પ્રભાત સંસ્થાના શિક્ષકો તરફથી મને જે સલાહ અને સહાય મળી તે ખૂબ મદદરૂપ સાબિત થયું, તેઓએ મને ઘરે સલમાની સંભાળ કેવી રીતે રાખવી તે અંગે પણ માર્ગદર્શન આપ્યું. કોઈપણ જરૂરી મદદ માટે સંસ્થાના શિક્ષકો હંમેશા મારી સાથે ઉભા રહ્યા છે. સલમા પ્રભાત સંસ્થામાં લગભગ 5 વર્ષથી એજ્યુકેશન મેળવી રહી છે. તે દરમ્યાનથી હું માત્ર તેના વર્તનમાં જ નહીં, પરંતુ તેના એકેડેમીક સ્કિલમાં પણ ખૂબ સારો ફેરફાર જોઈ શકું છું.
અંતમાં હું દિવ્યાંગ બાળકોના માતા-પિતાને એટલું કહેવા માંગુ છું કે પોતાના દિવ્યાંગ બાળકમાં અને પોતાનામાં વિશ્વાસ રાખો, તમને દરેક મુશ્કેલીઓનો સામનો કરવાની શકિત જરૂરથી મળશે.







# મુબારક હો!

"બાર બાર દિન યે આયે,
બાર બાર દિલ યે ગાયે,
તુમ જીઓ હજારો સાલ,
સાલ કે દિન હો હજાર,
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
જન્મદિન નિમિત્તે પ્રભાત ટીમ તરફથી ખૂબ-ખૂબ શુભેછા.



5th May, કિશોરભાઈ

**ખેલ મહાકુંભ:-** ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાર્ષિક ખેલ મહાકુંભ કે જેમાં આધુનિક અને પરંપરાગત બન્ને રમતોનો સમાવેશ થતો હોય છે. આ ખેલ-મહાકુંભમાં પ્રભાત સંસ્થાના બાળકો દર વર્ષે ભાગ લેતા રહ્યા છે. આ વર્ષે પણ સંસ્થાના 101 બાળકોએ તેમાં ભાગ લીધો હતો, જેમાંથી 3 બાળકો વિજેતા બનીને એવોર્ડ જીત્યા. આવા જાહેર કાર્યક્રમોમાં ભાગ લેનાર સંસ્થાના બાળકોના વિકાસ અને પ્રગતિ પર સકારાત્મક અસર જોવા મળે છે. તે ઉપરાંત બાળકોના પેરેન્ટ્સને પણ પ્રોત્સાહન મળે છે. ખેલ મહાકુંભમાં ભાગ લેનાર બાળકોની તૈયારી એક મહિના પહેલાથી શરુ કરાવવામાં આવતી હોય છે.

**લર્નિંગ અને થેરાપી એક્ટીવીટી:-** બાળકોના વિકાસમાં ફાઈન-મોટર એક્ટીવીટીને મહત્ત્વ આપીને સંસ્થામાંઆ મહિને વિવિધ કદનાં બ્લોક્સ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, ક્લે-વર્ક, દોરામાં મોતી પરોવવાના કામ સાથેની એક્ટીવીટી કરાવવામાં આવી. તે ઉપરાંત યોગા, રમતગમત, મ્યુઝિક, ડાન્સ તથા બાળકોના રોજિંદા જીવનને લગતી ADL પ્રવૃત્તિ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. જેમાં હાથ ધોવા, માથું ઓળાવવું, જાતે ખાવું જેવી એક્ટીવટી કરાવવામાં આવી.

**એક દિવસ પ્રભાતના નામે:-** આ મહિને સંસ્થાના 3 મિત્રોએ પોતાના જન્મદિવસની અને 1 મિત્રએ પોતાના ખાસ દિવસની ઉજવણી સંસ્થાના બાળકો સાથે કરીને દિવસ યાદગાર બનાવ્યો હતો. આવી તકો માટે સંસ્થા પોતાને ભાગ્યશાળી માને છે, કારણ કે જયારે બીજા લોકો પોતાના ખાસ દિવસની ઉજવણી સંસ્થાના બાળકો સાથે કરે છે ત્યારે બાળકો પ્રોત્સાહિત અનુભવે છે.

**વટવા સેન્ટર ખાતે સાધન-સહાય વિતરણ કેમ્પ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ/બાળકોના જીવનમાં સાધન-સહાય એક મહત્વનો ભાગ ભજવતા હોય છે. સંસ્થા બાળકોમાં અને કોમ્યુનિટીમાં સાધન-સહાયનું વિતરણ કરી શકે તે માટે વિવિધ સરકારી તથા ખાનગી એજન્સીઓ પાસેથી સાધન-સહાય મેળવવાનો પ્રયત્ન કરે છે. આ મહિને સંસ્થા સમાજ-સુરક્ષા વિભાગ પાસેથી વ્હીલચેર-10, C.P. ચેર-2, M.R. કીટ-40, બગલઘોડી-1, ટ્રાઇસિકલ-5, હીયરીંગ એડ-3 નું વિતરણ કરવામાં સક્ષમ રહી છે.

**સંસ્થાકીય સહયોગ:-** શારદા ફિઝિયોથેરાપી કોલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સંસ્થાના કાર્યને સમજવા માટે, ખાસ કરીને સંસ્થામાં બાળકો સાથે કરવામાં આવતી ફિઝિયોથેરાપીની કામગીરી જોવા અને સમજવા માટે વટવા સેન્ટરની મુલાકાત લીધી હતી. આવા સહયોગ સંસ્થા માટે પણ લાભદાયી સાબિત થતા હોય છે, કારણકે સંસ્થાને નવીનીકરણ સાથે ગુણાત્મક વૃદ્ધિ માટેના પગલાં જાણવા મળતા હોય છે. તે ઉપરાંત આ મહિને અમદાવાદની C.R.C કોલેજના 25 વિધાર્થીઓએ તેમના પ્રેક્ટિકલ વર્ક માટે પ્રભાત સંસ્થાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમા તેઓએ પહેલા સંસ્થાના શિક્ષકોની પધ્ધતિ જોઈ અને સમજી, ત્યારબાદ સંસ્થાની ટીમ સાથે ચર્ચા કરીને તેમના પ્રોજેક્ટવર્કને તૈયાર કર્યા. પછી તે વિધાર્થીઓને સંસ્થાના શિક્ષકોને દેખરેખ હેઠળ બાળકો માટે સેશન લેવાની મંજૂરી આપવામાં આવી.

**ટ્રેનિંગ:-** આ મહિને સંસ્થએ પોતાની ટીમની તથા આંગણવાડી બહેનોની કેપેસીટી બિલ્ડીંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેનો પ્રાથમિક ધ્યેય નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલા આંગણવાડી અને સ્કૂલ-પ્રોગ્રામના કર્મચારીઓની ઓળખ અને ટ્રેનિંગનો હતો. સંસ્થાની ટીમે 'અર્બન મેનેજમેન્ટ સેન્ટર' અમદાવાદમાંથી એક મેપિંગ એપ્લિકેશનની ટ્રેનિંગ મેળવીને 24થી વધારે આંગણવાડીઓને ઓળખવામાં સક્ષમતા મેળવી છે. જેમાંથી 8 આંગણવાડી કેન્દ્ર સાથે કેપેસીટી બિલ્ડીંગ અને ટ્રેનિંગ કરવામાં આવી. તેની સાથે આપેલ વિસ્તરોમાં 28 સ્કૂલોની ઓળખ પણ કરવામાં આવી અને તેમાંથી 4 સ્કૂલો સાથે ટીચર ટ્રેનિંગ પણ શરુ કરવામાં આવી છે. આ ટ્રેનિંગ વધુ કાર્યક્ષમ બનશે, કારણકે ભવિષ્યમાં પ્રભાત સંસ્થાનું અનેક બીજી સંસ્થાઓ સાથે જોડાણ વધશે. પેરેન્ટ્સ ટ્રેનિંગ પણ એક મહત્વની પ્રવૃત્તિ છે. ટ્રાન્સપોર્ટ સુવિધા માટે સંસ્થા તરફથી વાલીઓ અને રીક્ષા ડ્રાઈવરને (કે જેઓ બાળકોને લેવા-મુકવા આવે છે) પણ ટ્રેનિંગ આપવામાં આવતી હોય છે. આ ટ્રેનિંગમાં બાળકો સાથે કઈ સાવચેતી રાખવાની જરૂરી હોય છે તેનો સમાવેશ થાય છે. આ તાલીમ આવશ્યક હોય છે કારણકે આમાંના ઘણા બાળકો પહેલીવાર એકલા મુસાફરી કરતા હોય છે. તેના કારણે ઘણીવાર બાળકોની સલામતીને ધ્યાનમાં રાખીને રિક્ષામાં પણ અમુક ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. સંસ્થાએ આ મહિને આ પ્રકારની ટ્રેનિંગનું આયોજન પણ કરેલ તેમાં સંસ્થાના મોટાભાગના વાલીઓએ ભાગ લીધો હતો.

**સહાયક સેવાઓ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને જીવનમાં સામાન્યતાની કેટલીક જરિયાતો પૂરી પાડવા માટે સહાયક સેવાઓની સુવિધા ખૂબ જરૂરી હોય છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને સહાયક સેવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે: મેડિકલ સર્ટી-7, એસ.ટી પાસ-13, પેન્શન યોજના-4, આધારકાર્ડ-1, બેન્ક એકાઉન્ટ-2, રેશનકાર્ડ-1, સાધનસહાય વિતરણ- 15.

# ફોટો-ગેલેરી



ખેલ-મહાકુંભમાં વિજેતા બનેલ વિદ્યાર્થી



દોડવાની રેસમાં ભાગ લઈએ!



C.R.C.ના વિદ્યાર્થીઓ દ્વારા બાળકોને કરાવેલ એક્ટીવીટી



સ્પીચ એક્ટીવીટી



સાધન-સહાય વિતરણ



આંગણવાડી બહેનોની ટ્રેનિંગ




એસેસમેન્ટ કેમ્પ

**PRABHAT EDUCATION FOUNDATION**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION